# હિસાબ અને તિજોરી નિયામકની કચેરી

ફેક્સ નં. (૦૭૯) ૨૩૨૫૯૭૬૦
૨૩૨૫૪૪૪૦ નાયબ નિયામક(વ)
૫૨૦૫૦.(GSWAN)
E-mail :-dydir-dat@gujarat.gov.in
E-mail:-supt-admin-ngo-dat@gujarat.gov.in

ગુજરાત રાજ્ય
" વિમા અને લેખા ભવન "
બ્લોક નં. ૧૭, ડૉ. જીવરાજ મહેતા ભવન સંકુલ,
એમ.એલ.એ.ક્વાર્ટર સામે, સેક્ટર–૧૦/બી,
ગાંધીનગર–૩૮૨૦૧૦

**નંબરઃ**હિતિનિ/બિરાપ–૧/હવાલા વ્યવસ્થા/૨૦૧૬/ ૫૯ **તારીખ** : ૭ –૧–૨૦૧૬

વિષયઃ– <u>પેટા તિજોરી અધિકારીની રજા/ખાલી જગ્યા દરમ્યાન હવાલાની વ્યવસ્થા બાબત.</u>

સંદર્ભઃ– અત્રેની કચેરીના તા.૨૫–૮–૧૦ ના પરિપત્ર ક્રમાંકઃ–હિતિનિ/બિરાપ–૧/૧૦૬/૨૦૧૦/ હવાલા વ્યવસ્થા/૨૫૮૩.

## :: પ રિ પ ત્ર ::

પેટા તિજોરી અધિકારીની બદલી, બઢતી, રજા, તાલીમ જેવા પ્રસંગોએ ખાલી રહેતી જગ્યા ઉપર વ્યવસ્થા ગોઠવવા બાબતે અગાઉ આ કચેરીએથી તથા ઉક્ત સંદર્ભ દર્શિત પત્રથી સૂચનાઓ અપાયેલ છે, તેમ છતાં અત્રેની કચેરીના ધ્યાન ઉપર આવેલ છે કે કેટલીક કચેરીઓ તરફથી પેટા તિજોરી અધિકારીની નાણાંકીય જવાબદારીવાળી, સંવેદનશીલ કામગીરી સંદર્ભમાં તેમની ખાલી રહેલ જગ્યા ઉપર હવાલાની વ્યવસ્થા ગોઠવવા અંગે જુનિયર કારકુન કક્ષાના કર્મચારીને પેટા તિજોરી અધિકારી તરીકેનો હવાલો સુપ્રત કરવામાં આવતો હોવાના કારણે વહીવટી મુશ્કેલીઓ ઉભી થતી હોઈ, આથી સર્વે શ્રેયાન તિજોરી અધિકારીશ્રી તથા જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓને પેટા તિજોરી અધિકારીની ખાલી જગ્યાની નીચે જણાવ્યા મુજબ હવાલા વ્યવસ્થા ગોઠવવા જણાવવામાં આવે છે.

- ગૃપ–૧ ની પેટા તિજોરી કચેરીઓમાં પેટા તિજોરી અધિકારીની ખાલી જગ્યા ઉપર ગૃપ–૧ ના (હિસાબનીશ) ને ટી.એ. ઓન ટુર મુકી હવાલો સોંપવો અને જો તેમાં વહીવટી પ્રતિકુળતા જણાય તો નાયબ હિસાબનીશ કક્ષાના કર્મચારીને ટી.એ.ઓન ટુર મુકી હવાલો સોંપવો.
- ગૃપ–૧ (હિસાબનીશ) કક્ષાની પેટા તિજોરી અધિકારીની ખાલી જગ્યાનો હવાલો ગૃપ–૪(જુ.ક્લાર્ક) અથવા ગૃપ–૩(પેટા હિસાબનીશ) ને કોઈપણ સંજોગોમાં સુપ્રત કરવો નહિં.
- ગૃપ–૨ ની પેટા તિજોરી કચેરીઓમાં પેટા તિજોરી અધિકારીની ખાલી જગ્યાનો હવાલો ગૃપ–૩ ના કર્મચારીને અથવા જિલ્લા તિજોરી કચેરી ખાતેથી નાયબ હિસાબનીશ કક્ષાના કર્મચારીને ટી.એ. ઓન ટુર મુકી [redacted] સોંપવો.
- ગૃપ–૨ (નાયબ હિસાબનીશ) કક્ષાની પેટા તિજોરી અધિકારીની ખાલી જગ્યાનો હવાલો ગૃપ–૪ (જુનિયર ક્લાર્ક) ને કોઈપણ સંજોગોમાં સુપ્રત કરવો નહિં.
- નાણા વિભાગના તા.૨૨–૬–૧૫ ના પત્ર ક્રમાંકઃ–તસમ/૫૦૨૦૧૩/૭૨૮/ઘ થી પણ જુનિયર ક્લાર્ક કક્ષાના કર્મચારીને ગૃપ–૧ તથા ગૃપ–૨ ની પેટા તિજોરી અધિકારીની ખાલી જગ્યા દરમ્યાન તથા ગૃપ–૩ ના કર્મચારીને ગૃપ–૧ ની પેટા તિજોરી અધિકારીની ખાલી જગ્યા દરમ્યાન હવાલો સુપ્રત નહિં કરવા સુચના આપવામાં આવેલ છે.

ઉક્ત વિગતે, જુનિયર ક્લાર્ક અને પેટા હિસાબનીશને અનુક્રમે નાયબ હિસાબનીશ/હિસાબનીશ તથા હિસાબનીશ સંવર્ગની કોઈપણ ખાલી જગ્યાનો વધારાનો હવાલો સોંપવામાં આવશે, આ રીતે સોંપાયેલ વધારાના હવાલાની દરખાસ્ત અત્રે મોકલવામાં આવશે, તો તે નાણા વિભાગને ના મોકલતા પરત કરવામાં આવશે.

આ પરિપત્રની સૂચનાઓનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે. જો તેમ કરવામાં ચૂક થશે તો અને જે પરિસ્થિતિ ઉપસ્થિત થશે તે અંગે કચેરીના વડા સંપૂર્ણપણે જવાબદાર રહેશે. પરિપત્ર મળ્યા બદલની પહોંચ પાઠવવી.

સંયુક્ત નિયામક(વહીવટ)

<u>નકલ રવાના પ્રતિઃ—</u>

(૧) શ્રેયાન/જિલ્લા તિજોરી અધિકારીશ્રી, જિલ્લા તિજોરી કચેરી (તમામ).
(૨) સંયુક્ત નિયામકશ્રી, તિ.નિ./ઈ.ડી.પી.સેલ શાખા, હિ.તિ.નિ.કચેરી, ગાંધીનગર.
(૩) નાયબ નિયામકશ્રી(વ), શા.બિરાપ.૧/૨/૩ શાખા, હિ.તિ.નિ.કચેરી, ગાંધીનગર.
(૪) નિધિ નિરીક્ષણ અધિકારીશ્રી, નિધિ નિરીક્ષણ શાખા, હિ.તિ.નિ.કચેરી, ગાંધીનગર.
(૫) દફતરી હુકમ ફાઈલ.
(૬) પસંદગી ફાઈલ.